**એકમ–4**

# રાષ્ટ્રીય ગ્રંથાલય નીતિ અને ગ્રંથાલય અધિનિયમ
# NATIONAL LIBRARY POLICY AND LIBRARY LEGISLATION

## : રૂપરેખા :


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 ગ્રંથાલય અધિનિયમની જરૂયિાત અને લક્ષ્ય

4.3 ગ્રંથાલય નીતિ

4.3.1 યુનેસ્કો સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર

4.3.2 ગ્રંથાલય અને માહિતી સેવા માટે રાષ્ટ્રીય નીતિ

4.3.3 રાજ્ય ગ્રંથાલય નીતિની જરૂરિયાત

4.4 ભારતમાં ગ્રંથાલય અધિનિમય

4.4.1 ભારતમાં ગ્રંથાલય અધિનિયમ માટે પ્રયત્ન

4.4.2 ભારતમાં નમૂનારૂપ ગ્રંથાલય બિલ / કાયદો

4.4.3 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના કાયદાઓનો તુલનાત્મક અભ્યાસ

4.5. ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસમાં ડો. રંગનાથનનું પ્રદાન

4.6 સારાંશ

4.7 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

4.8 ચાવીરૂપ શબ્દો

4.9 સંદર્ભો અને વિશેષ વાચન


## 4.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમમાં, આપણે દેશમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની યોજના ખાસ ભારતના સંદર્ભમાં આવશ્યક જરૂરિયાતો સાથે દર્શાવીશું. સાર્વજનિક ગ્રંથાલયોના નેટવર્કના વિકાસની રાજ્યોએ સ્વીકારેલ જવાબદારી સાથે આપણે પણ તે તરફ ધ્યાન આપીશું.

◆ આ એકમના અધ્યપન પછી તમે આ બાબતોથી સક્ષમ બનશો.

- ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત જાણશો,
- ગ્રંથાલય અધિનિયમની રાષ્ટ્રિય અને રાજ્ય કક્ષાની નીતિ સમજી શકશો.
- સાર્વજનિક ગ્રંથાલય કાયદાના આવશ્યક ઘટકો ઓળખવા, અને
- આદર્શ એક્ટ અને જેનો અમલ થઈ ચૂક્યો છે તેવા કાયદાના વિશિષ્ટ લક્ષણો જાણવા.

## 4.1 પ્રસ્તાવના (INTRODUCTION)

સાર્વજનિક ગ્રંથાલયો દેશ અને વિશ્વની તમામ પ્રકારની અવગતતાના સર્જનમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. આ ગ્રંથાલયોએ માનવીય જ્ઞાનના તમામ ક્ષેત્રો સંબંધી સામાન્ય સંદર્ભ અને માહિતી સેવાઓ પૂરી પાડવી જોઈએ. આ હેતુની પ્રાપ્તિ માટે આપણે સાર્વજનિક ગ્રંથાલયસેવાનું સર્જન અને અસરકારક પદ્ધતિના નિભાવ માટે કાયદાના ઉપાયની ચર્ચા કરી છે. આ સૂચિતાર્થમાં ભારતના રાજ્યબંધારણ મુજબ ગ્રંથાલયો રાજ્યના અધિકાર ક્ષેત્રની યાદીમાં છે ત્યારે આપણી ચર્ચાના ક્ષેત્રની મર્યાદા રાજ્ય કક્ષા સુધી રાખવી પડશે, અને નિઃશંકપણે આપણે રાજ્યસ્તરની વહીવટી પદ્ધતિ અને અનુક્રમિક ગોઠવાયેલ સ્તરનો સ્વીકાર કરવો પડશે અને તેના પર આધારિત રહેવું પડશે. આ એકમમાં આપણે દેશમાં સાર્વજનિક ગ્રંથાલયોની પદ્ધતિ, આદર્શ ધારો અને રાજ્ય ધારાસભાઓએ નિયમિત ધારાઓ પસાર કર્યા છે તેનો અભ્યાસ કરીશું.

## 4.2 ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત અને લક્ષ્ય (NEED AND GOALS OF LIBRARY LEGISLATION)

રાજ્ય સરકારના અથવા કાયદાકીય સ્થાનિક સંસ્થાના કાર્યાત્મક હૂકમ સાર્વજનિક ગ્રંથાલયોની તંદુરસ્ત પદ્ધતિનું વ્યવસ્થાપન નહીં કરી શકે તે સ્વીકારાયેલ સત્ય છે. તદ્ઉપરાંત, વહીવટીય હૂકમો, વધતી જતી માંગને પહોંચી વળવા અને વધતી જતી કિંમતો ખાસ કરીનેઆજના સંદર્ભમાં આર્થિક સુધારણામાં કાયમી ટકાઉ ભંડોળ નિર્માણ કરી શકે નહીં.

બીજું, આપણી પાસે લવાજમી ગ્રંથાલયો છે અને અનુદાન લેતા ગ્રંથાલયો બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વધતે ઓછઍ અંશે છે. આ એકસો વર્ષો કરતાં વધારે જૂનું માળખું છે પણ આ ગ્રંથાલયોમાં સેવાઓ ધીમે ધીમે નબળી પડતી જતી અને કેટલાક કિસ્સામાં તે હતી ત્યાંને ત્યાં જ છે. અનુભવે દર્શાવ્યું છે કે લવાજમ અને અનુદાનની પદ્ધતિ ગ્રંથાલયસેવાઓને વધુ કાર્યરત અને અસરકારક બનાવવામાં સફળ થઇ નથી. તે સાબિત પણ થયું છે કે બ્રિટન અને ભારતના રાજ્યો જેવા કે તામિલનાડું, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરાલામાં, નિયમિતપણે સ્થાનિક સંસ્થાઓ ગ્રંથાલયવેરા દ્વારા ભંડોળ એકઠું કરે છે. ઘણા લાંબા સમયથી આ પદ્ધતિની સફળતા દેખાય છે તેથી વારસાગત રીતે પદ્ધતિના વિકાસ માટે, અને કોઈપણ કરવેરો કાયદેસર વસુલ કરવા માટે કાયદો આવશ્યક છે. ઘણા સમય પહેલાં, બ્રિટીશ ગ્રંથાલય અધિનિયમમાં અગ્રેસર, એડવર્ડ એડવર્ડઝે, સાચા દિલથી સલાહ આપી છે કે, સાર્વજનિક ગ્રંથાલય તેની સેવાનું સંચાલન ઘણાં લાંબા સમય સુધી વૈયક્તિક નાણાં ભંડોળ ઉપર નહીં કરી શકે. હકીકતમાં આ ખ્યાલ બ્રિટનમાં ગ્રંથાલય અધિનિયમમાં મદદરૂપ થયો. ડૉ. એસ.આર. રંગનાથન ભારતમાં ગ્રંથાલયસેવામાં એવી ઝુંબેશ ચલાવનાર યોદ્ધાએ ગ્રંથાલય અધિનિયમમાં ગ્રંથાલય કરવેરાની જોગવાઈ કરવાના હિમાયતી હતા. યુનેસ્કો તેના પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટોમાં ફરીફરીને કહે છે કે સાર્વજનિક ગ્રંથાલયોનો નિભાવ સાર્વજનિક ભંડોળમાંથી થવો જોઈએ અને તેથી કોઈ પણ સેવાઓમાં કોઈ એક ઉપર સીધું કોઈ ભારણ કરવું ન જોઈએ. આ દલીલના અભિપ્રાયમાં તેમ દર્શાવી શકાય કે ગુણવત્તાયુક્ત ગ્રંથાલયસેવા માટે ગ્રંથાલય અધિનિયમ જરૂરી છે. ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત છે તેમ નીચે મુજબ ઉપસંહાર કરી શકાય.

(1) રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોની બાબત અંગે રાજ્ય સરકારની જવાબદારી છે તે કાયદાકીય આધાર સાથે સ્પષ્ટ વ્યાખ્યાયિત થવું જોઈએ.

(2) રાજ્ય અને જીલ્લા કક્ષાએ ગ્રંથાલય સત્તાઓ બંધારણ અને કાર્યો નક્કી કરવાં જોઈએ.

(3) તે નાણાંકીય આધારની ખાતરી આપે છે અને નાણાંનો સરળ પ્રવાહ પુરો પાડે છે. નાણાંકીય આધાર પૂરો પાડવાના બે રસ્તા છે.

(અ) ગ્રંથાલયકર સરચાર્જ સ્વરૂપે, અને

(બ) અંદાજપત્રમાં ચોક્કસ ટકાવારીની ફાળવણી કરીને,

(4) તે યોગ્ય સત્તા અને સંચાલન પૂરા પાડવા જોઈએ,

(5) સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના વિકાસમાં લોકોના પ્રતિનિધિઓની ભાગીદારી પૂરી પાડવી જોઈએ.

ગ્રંથાલયના વિકાસ ઉપર દક્ષિણ એશિયામાં રીજીઓનલ સેમિનારમાં વિના મૂલ્યે, સાર્વજનિક ગ્રંથાલય સેવા માટે નીચેના હેતુઓ વિકસાવ્યા છે.

હેતુઓમાં આ પ્રમાણે જોગવાઈ હોવી જોઈએ.

(1) સંગ્રહ વિશ્વાસપાત્ર માહિતી અને હિતકારક મનોરંજન આપવું જોઈએ.

(2) તેનો ઉપયોગ વધારવા સંગઠન કરવું જોઈએ.

(3) સંભવિત વાચકને ખરેખર વાચકોમાં બદલવા,

(6) હેતુઓની પૂર્તિ કરવા, ગ્રંથાલય બીલમાં સ્પષ્ટ દર્શાવવું જોઈએ.

(i) પ્રાપ્ત કરવાના હેતુઓ અને સ્વીકારવાની જવાબદારીઓ દર્શાવવી

(ii) ઘટક ભાગો સાથેનું સંગઠન જે જવાબદારીઓ સોંપસે

(iii) નાણાંની જોગવાઈઓ.

આ કાર્યોની પૂર્તિ કરવા, રાજ્યના એક ભાગ તરીકે ગ્રંથાલય અધિનિયમ અનિવાર્યપણે આવશ્યક છે. યુનેસ્કો પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટો 1994, ફરીફરીને કહે છે કે સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમની જવાબદારી સ્થાનિક અને રાષ્ટ્રિય સત્તામંડળોની છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો** (Self Check Exercise)

**(1) ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત સમજાવો.**

**(2) ગ્રંથાલય નીતિના હેતુ શું છે ?**

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 4.3 ગ્રંથાલય નીતિ (LIBRARY POLICY)

નીતિ એ ભવિષ્યના વિકાસ માટે નિર્ધારિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાની માર્ગદર્શિકા છે. જો આવી નીતિ રાજ્ય અથવા રાષ્ટ્રિય કક્ષાએ અસરકારક અને કાર્યક્ષમ ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલયોના વિકાસ માટે ઘડવામાં આવે તો તેને ગ્રંથાલય નીતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની નીતિના વિકાસ દ્વારા સરકાર માન્ય કરે છે કે વિકાસ માટેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા, જિંદગીની ગુણવત્તા સુધારવા અને રાજ્યનો વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો જાળવવામાં અને તેને અવગત કરાવવા માટે ગ્રંથાલય સેવાઓનું મૂલ્ય ઘણું આવશ્યક છે.

### 4.3.1 યુનેસ્કો પબ્લિક લાયબ્રેરી જાહેરનામું : (Unesco Public Library Manifesto)

ખાસ કરીને વિકાસશીલ દેશોમાં યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ,સાયંટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશને (યુનેસ્કો) એ સાર્વજનિક ગ્રંથાલય સેવાઓને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. યુનેસ્કોએ સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર 1949માં જાહેર કર્યો. 1972માં સુધારો કર્યો અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષના સંદર્ભમાં ફરીથી 1994 માં સુધારવામાં આવ્યો, બીજો સુધારો ઈફ્લાના સહકારથી કરવામાં આવ્યો. બીજા સુધારામાં યુનેસ્કોએ ફરીથી જણાવ્યું છે કે યુનેસ્કોએ ફરીફરીને કહ્યું કે "સૈદ્ધાંતિક રીતે સાર્વજનિક ગ્રંથાલય વિનામૂલ્યે હોવું જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયની જવાબદારી સ્થાનિક અને રાષ્ટ્રિય સત્તામંડળોની છે. તેને ચોક્કસ અધિનિયમ દ્વારા મદદ મળવી જોઈએ અને નાણાં રાષ્ટ્રિય અને સ્થાનિક સરકારો દ્વારા મળવા જોઈએ. તેણે તેના અગત્યના ઘટક તરીકે સંસ્કૃતિને સુધારવા લાંબાગાળાની વ્યૂહરચના કરવી જોઈએ.

### 4.3.2 ગ્રંથાલય અને માહિતી પદ્ધતિ ઉપર રાષ્ટ્રીય નીતિ (National Policy on Library and Information System)

રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન અને ધી ઇન્ડિયન લાયબ્રેરી એસોશીએશનની સમજાવટ સાથે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટે નેશનલ પોલીસી ઓન લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સીસ્ટમની (નેપલીસ) પ્રો. ડી.પી. ચટોપાધ્યાયની અધ્યક્ષતા સાથે સમિતિની રચના 1985માં કરી. આ સમિતિએ તેનો અંતિમ અહેવાલ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટને 1986માં સુપ્રત કર્યો. દેશમાં ગ્રંથાલયોની પરિસ્થિતિનું નિદર્શન કર્યા પછી, આ સમિતિએ ગ્રંથાલય અને માહિતી પદ્ધતિના બધા જ પાસાઓ ઉપર ભલામણો કરી, જેમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિએ અંગે એક પ્રકરણ છે. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ ઉપર નેપલીસ નીચે મુજબ ભલામણ આપી છે.

ભારત સરકારે જોકે તેનો અધિકૃત નીતિ તરીકે સ્વીકાર કર્યો નથી, પરંતુ તે વિકાસ માટેના સૂચક મોડેલ તરીકે ગરજ સારે છે.

**સાર્વજનિક ગ્રંથાલય : પાયાના ખ્યાલો**
**Public Library : Basic Concepts**

(1) ભારત સરકાર સામે ખૂબ મહત્ત્વના કાર્ય અને દેશમાં વિના મૂલ્યે સાર્વજનિક ગ્રંથાલયો સ્થાપવાં, નિભવવાં અને મજબૂત બનાવવાનું અને તે એક પદ્ધતિ તરીકે કાર્ય કરે છે તે શક્ય બનાવવાનું છે.

(2) આ વિસ્તારમાં મુખ્ય ધક્કો મારવાનું ગ્રામ સાર્વજનિક ગ્રંથાલયને જાય છે. ગ્રામ અથવા ગ્રામ ઝૂમખું પર્યાપ્ત વસતીના પરિમાણ સાથે પ્રાદેશિક ગ્રંથાલય હોવું જોઈએ કે જે માહિતી સેન્ટર તરીકે પણ સેવા આપશે. જુદી જુદી સંસ્થાઓના સ્રોતો સાર્વજનિક આરોગ્ય, પ્રૌઢ શિક્ષણ, સ્થાનિક સ્વરાજ્ય અને બીજા કેટલાકમાં રોકાયેલ છે તે ચોક્કસ સહિયારા ભંડોળમાં સંયુક્ત કેન્દ્ર ઉભું કરશે.

(3) અગત્યની સાંકળની કડી સામુદાયિક ગ્રંથાલયને અને ગ્રામ પ્રાથમિક શાળા વચ્ચે સ્થાપવી જોઈ. જો શાળાને પોતાનું ગ્રંથાલય ન હોય તો, ગ્રામ સામુદાયિક ગ્રંથાલયે બાળકોને પર્યાપ્ત માત્રામાં બુક-કોર્નર પુરો પાડવો જોઈએ.

(4) સામુદાયિક ગ્રંથાલયે પ્રૌઢ શિક્ષણને પણ મહત્ત્વપૂર્ણ રીતે મનોરંજન પૂરું પાડવું જોઈએ. અને પર્યાપ્ત માત્રામાં દશ્ય-શ્રાવ્ય સાધનો પૂરા પાડી અભણ ગ્રામજનોને આકર્ષવા જોઈએ.

(5) જીલ્લા ગ્રંથાલયે દરેક જીલ્લામાં શહેર ટાઉન અને ગ્રામ સ્તરે ગ્રંથાલયો સાથે સર્વોચ્ચ ગ્રંથાલય તરીકે સેવા આપવી જોઈએ, જીલ્લા ગ્રંથાલય પદ્ધતિમાં અગત્યના ઘટકો સ્થાપવા જોઈ. તેના દ્વારા સામાન્ય સેવાઓ અપાતી હોય તે ઉપરાંત અપંગોને અભ્યાસની સગવડો અને મનોરંજન પણ પુરું પાડવું જો. જ્યાં શક્ય હોય ત્યાં જીલ્લા ગ્રંથાલયો અને શાખા શહેર ગ્રંથાલયો એ બ્રેઈલ સાહિત્ય પૂરું પાડવું જોઈએ. જીલ્લા ગ્રંથાલય અને શાખા ગ્રંથાલયો એ જયાં પણ તે જરૂરી હોય અને શક્ય હોય ત્યાં, તેમના વિસ્તારમાં ફરતા ગ્રંથાલયો અને સરક્યુલેટીંગ ગ્રંથાલય સેવાઓ ગોઠવવી જોઈએ. વિશિષ્ટ સેવાઓ હોસ્પિટલ, જેલ અને અશક્તને તેમના ઘરે આપવી જોઈએ.

(6) વિશિષ્ટ જૂથો માટેના ગ્રંથાલયો તેમના આદિવાસી વિસ્તારમાં અથવા લઘુમતી માટે તેમની સાંસ્કૃતિકતાની લાક્ષણિકતાના વિકાસ માટે બનાવવા જોઈએ. સરકાર આ જાતિમાં તેમના પોતાના ગ્રંથાલયોના વિકાસ માટે સ્વૈચ્છિક પ્રયત્નો દ્વારા તમામ પ્રોત્સાહન પૂરા પાડશે.

(7) જયાં શક્ય હોય ત્યાં બાળકો માટે બાળગ્રંથાલય ઉપરાંત દરેક સાર્વજનિક ગ્રંથાલયમાં આકર્ષક અને દશ્ય-શ્રાવ્ય સાધનોની વાચનસામગ્રી સાથે બાળવિભાગ હોવો જોઈએ.

(8) જીલ્લા ગ્રંથાલય જીલ્લાના બીજા સાર્વજનિક ગ્રંથાલયો વચ્ચે સાંકળરૂપ બની નેતૃત્વ લેશે અને સ્રોત સામગ્રીની ભાગીદારીની સ્થાપના માટે સમગ્ર વિસ્તારમાં કામ કરશે.

(9) સાર્વજનિક ગ્રંથાલયોની ચાવીરૂપ ભૂમિકા દૂરવર્તી શિક્ષણમાં ટકાઉ સંસ્થા તરીકે ઓળખ ઉભી કરવાની છે અને તેની પાસે આ ઉદ્દેશ્ય માટે પૂરતા પ્રમાણમાં સંબંધિત સાધનો હોવાં જોઈએ.

(10) રાજયમાંના બધા જ ગ્રંથાલયો નેટવર્કના ભાગ તરીકે ગ્રામ સામુદાયિક ગ્રંથાલયના ક્ષેત્ર વિસ્તારથી જીલ્લા અને રાજય મધ્યસ્થ ગ્રંથાલય સ્તર સુધી હોવા જોઈએ.

(11) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયની ભૂમિકા નેટવર્કીંગમાં અને સમગ્ર રાજ્યમાં એકસૂત્રાત્મક ગ્રંથાલય કાર્યપ્રણાલીની સ્થાપના કરવામાં નિર્ણાયક છે. રાજ્ય મધ્યસ્થ ગ્રથાલય/સાર્વજનિક ગ્રંથાલયોએ રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોના સંકલન કરનાર સંસ્થા તરીકે કામગીરી કરવાની હોય છે.

(12) રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોના આ પ્રકારના વિકાસ માટે તે મહત્ત્વનું છે કે દરેક રાજ્ય તેનો પોતાનો ગ્રંથાલય અધિનિયમ પસાર કરે. મધ્યસ્થ સરકારે આદર્શ ગ્રંથાલય બીલ જે તૈયાર કરેલ છે તેને તાજેતરના વર્ષોના અનુભવ અને આ પ્રકારનો કાયદો પસાર કરવા માંગતા હોય તેવા રાજ્યોની જરૂરિયાત સંદર્ભમાં સુધારા કરવા જોઈએ. ગ્રંથાલયના વિકાસ માટે દરેક રાજ્ય તેના સાધારણ મહેસૂલમાંથી અથવા સ્થાનિક કરવેરામાંથી નાણાં મેળવવા જોઈએ.

(13) મધ્યસ્થ સરકારે રાજ્ય સરકારને સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસમાં તે પહેલાં મદદ કરતી હતી તેના કરતાં ઉદાર રીતે સહાય કરવી જોઈએ. રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન જે સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે સહાય અને સંકલન કરનાર રાષ્ટ્રિય સંસ્થા તરીકે કાર્ય કરે છે તેને જવાબદારીઓ યોગ્ય રીતે કરી શકે તે માટે યોગ્ય રીતે સક્ષમ બનાવવી જોઈએ.

### 4.3.3. રાજ્ય ગ્રંથાલય નીતિની જરૂરિયાત : (Need for state Library Policy)

અગાઉ ગ્રંથાલય અને માહિતી સેવાની રાજ્ય નીતિ માટે કોઈએ વિચાર્યું ન હતું. અગાઉ જણાવ્યા પ્રમાણે અને બંધારણ પ્રમાણે ગ્રંથાલય રાજ્યના વિષયની યાદીમાં છે. તે અનિવાર્ય આવશ્યક ફરજ એક ભાગ તરીકે રાજ્ય યુટી સરકાર રાજ્ય નીતિ બનાવે અને કાયદો પસાર કરી તૈયાર કરેલી નીતિનું અમલીકરણ કરે. આ નીતિમાં નીચેના ઘટકો હોવા જોઈએ.

(1) હેતુઓ : સાર્વજનિક ગ્રંથાલયો શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતીને આકાર આપતી આબેહૂબ શક્તિ હોવી જોઈએ.

(2) પ્રાપ્તિ : જનસમુદાયના દરેક વિભાગને, અપંગ અને પ્રતિકૂળતાવાળા સહિતને વિનામૂલ્યે પ્રાપ્તિ થવી જોઈએ.

(3) પદ્ધતિ : ભારત જેવા સંઘીય દેશમાં રાજ્યમાં બે પ્રકારની ગ્રંથાલય પદ્ધતિ જરૂરી છે. તે છે, એક રાજ્ય સ્તરે સર્વોચ્ચ સંસ્થા તરીકે અને બીજી જીલ્લા સ્તરે, ગ્રામ સ્તર સુધી તેની પ્રવૃત્તિઓ ફેલાવી શકે. કાયદાકીય સંસ્થા કોર્પોરેટ મોભા સાથેની જીલ્લા સ્તરે ગ્રંથાલય અને માહિતી સેવા, જીલ્લા મુખ્ય મથકથી ગ્રામ અને એ સમાન ગામડાંના સ્તર સુધી સર્વગ્રાહી ભૂમિકા ભજવવી જોઈએ. તેને જીલ્લા ગ્રંથાલય સત્તામંડળ તરીકે ઓળખવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ દરેક કરદાતાને સંતોષકારક ગ્રંથાલય અને માહિતી સેવા આપવાનો હોવો જોઈએ.

(4) વાચન સામગ્રી : સાર્વજનિક ગ્રંથાલયોએ રાજ્યની જરૂરિયાત માટે યોગ્ય પુસ્તકોથી સમૃદ્ધ કરવા જોઈએ.

(5) માનવસ્રોત : અલગ રાજ્ય ગ્રંથાલય અને માહિતી સેવા અને નીચલી કક્ષાએ જરૂરી સેવાઓનું નિર્માણ કરવું જોઈએ.

(6) નાણાં : તે સચોટ પણે મહેસૂસ થાય છે કે ગ્રંથાલય સેવાઓ મફત કોઈ ફી લીધા સિવાય આપવી જોઈએ. તેમ છતાં, વિશિષ્ટ સેવાઓ માટે નજીવી ફી લેવી જોઈએ. તે પણ ચોક્કસપણે મહેસૂસ થાય છે કે સરકારે બધા જ શક્ય સ્રોતો ઉપર ગ્રંથાલય કર વસુલ કરવો જોઈએ.

(7) ગ્રાહ્યતા/જવાબદારી : હિસાબની તપાસણી, નિરીક્ષણ અને હેવાલ રજૂ કરવા માટે નીતિમાં જરૂરી ભાર આપવો જોઈએ. હકીકતમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ માટેના સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી સેવાઓના કાયદાની દરખાસ્ત તૈયાર કરવામાં આવે તેના ઘટક તરીકે આ હોવું જોઈએ.

◆ **તમારી પ્રગતિ ચકાસો :** (Self Check Exercise)

(3) યુનેસ્કો પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટો, 1994ના પાયાના ઘટકો જણાવો.

(4) સાર્વજનિક ગ્રંથાલય ઉપર નેપલીસની મહત્ત્વની ભલામણો ગણાવો.

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(ii) એકના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.4 ભારતમાં ગ્રંથાલય અધિનિયમ (LIBRARY LEGISLATION IN INDIA)

સંઘીય ભારત 26 રાજ્યોનું અને છ કેન્દ્ર શાસિત પ્રદેશનું બનેલું છે. ભારતના બંધારણ મુજબ ગ્રંથાલયો રાજ્યની યાદીમાં સામેલ છે. તેથી, સ્વતંત્રતા પછી નીચેના રાજ્યોએ ગ્રંથાલય ધારો પસાર કર્યો છે.

(1) 1948 તામીલનાડુ
(2) 1960 આંધ્રપ્રદેશ
(3) 1965 કર્ણાટક
(4) 1967 મહારાષ્ટ્ર
(5) 1979 વેસ્ટ બેંગાલ
(6) 1988 મણિપુર
(7) 1989 કેરાલા
(8) 1989 હરિયાણા
(9) 1993 મિઝોરમ
(10) 1994 ગોવા
(11) 2001 ગુજરાત
(12) 2002 ઓરિસ્સા

રાજ્યોની માન્યતા પછી, હૈદ્રાબાદ રાજ્ય આંધ્રપ્રદેશમાં ભળી ગયું. સ્વતંત્રતા પહેલાં કોલ્હાપુર સાર્વજનિક ગ્રંથાલય કાયદો 1945માં પસાર થયો હતો તેના કાર્યોની વિગત જાણકારીમાં નથી. તેમ છતાં, ઉપરોક્ત બાર કાયદાઓ પ્રવર્તમાન છે.

### 4.4.1 ગ્રંથાલય અધિનિયમ માટેના પ્રયત્નો (Efforts For Library Legislation)

ભારત સ્વતંત્ર થયા પછી પણ પાંચ દશકામાં ફક્ત બાર રાજ્યો સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ મેળવી શક્યા છે. ભારતમાં ઘણાં રાજ્યો અને બધા કેન્દ્રશાસિત પ્રદેશોના ગ્રંથાલયો ગ્રંથાલય નેટવર્ક સિવાયના છે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો, જેવા કે, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી અને પોંડીચેરી ગ્રંથાલય અધિનિયમ માટેની શક્યતા તપાસી રહ્યાં છે. બીજા રાજ્યો આ પ્રશ્ન હવે લઈ રહ્યા છે.

### 4.4.2 ભારતમાં નમૂનારૂપ ગ્રંથાલય બિલ્સ / એક્ટ્સ (Model Public Library Bills / Acts in India)

આ અભ્યાસક્રમને લાગે વળગે છે ત્યાં સુધી, નમૂનારૂપ બિલ્સ/ એક્ટ્સ એક જ અર્થવાળા શબ્દોનો ઉપયોગ થયો છે. સ્વતંત્રતા પહેલા અને સ્વતંત્રતા બાદ ભારતમાં, સમગ્ર રીતે આપણી પાસે પાંચ નમૂનારૂપ એક્ટસ/બિલ્સ, રાજ્યસ્તરે જ્યારે પણ જરૂર પડે ત્યારે પુનરાવર્તન સાથે છે તે આ છે :

(1) નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1930, ડૉ.એસ.આર. રંગનાથન (1972માં સંવર્ધિત)

(2) નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય બિલ ડૉ. એમ.ડી. સેન સમિતિ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર, 1963

(3) નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય બિલ 1964 (આયોજન પંચ, ગ્રંથાલય કાર્યજૂથ, ભારત સરકાર)

(4) નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય કાયદો ભારતીય ગ્રંથાલય સંઘનો 1989 અને 1995માં સંવર્ધિત નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી સેવા કાયદા પ્રમાણે.

(5) નમૂનારૂપ સંઘીય સાર્વજનિક ગ્રંથાલય કાયદો

નવા હજાર વર્ષના ગાળાની જરૂરિયાતના સંદર્ભમાં આ ગ્રંથાલય કાયદાઓ ફરીથી 2000માં સંવર્ધિત થયા. આપણે આ પ્રલેખોની વિશિષ્ટ ખાસિયતોની ચર્ચા કરીશું.

**(1) ડૉ. રંગનાથનનો નમૂનારૂપ કાયદો (Model Act of Dr. Ranganathan) :**

પ્રથમ નમૂનારૂપ કાયદો ડૉ. એસ. આર. રંગનાથને તૈયાર કર્યો, અને બનારસમાં 26-30 ડિસેમ્બર 1930 દરમ્યાન યોજાયેલ પ્રથમ ઓલ એશિયા એજ્યુકેશન કોન્ફરન્સમાં તેની ચર્ચા પણ થઈ. 1957 અને 1972માં કાયદો સંવર્ધિત થયો. અંતિમ વૃતાંતમાં વિશિષ્ટ લક્ષણો છે, રાજ્ય ગ્રંથાલય સત્તામંડળની રચના, રાજ્ય ગ્રંથાલય સમિતિ, જીલ્લા ગ્રંથાલય સત્તામંડળ,

ગ્રંથાલય કર એકઠો કરવા અને સ્થાનિક સંસ્થાઓની સ્વાયતતા ફરજીયાત કલમો જોદવાઈઓ જેવી કે, ગ્રંથાલય અનુદાન, ગ્રંથાલય કર, વગેરે શરૂઆતના દિવસોમાં કાયદો પસાર કરવામાં હરકત પેદા થતી નથી.

(2) **શિક્ષણ મંત્રાલયનું નમુનારૂપ બિલ (Model Bill of Ministry of Education) :** ભારત સરકારે 1957માં ગ્રંથાલયો માટે શ્રી કે.પી. સિંહા (અગાઉના નિયામક પબ્લિક ઇન્સ્ટ્રક્શન બિહારની) અધ્યક્ષતા નીચે સલાહકાર સમિતિની નિમણૂંક કરી. આ સમિતિએ દરેક રાજયમાં ગ્રંથાલય ધારાની જરૂરિયાત માટે ભલામણ કરી સલાહકાર સમિતિના આનુસંગિક કાર્ય માટે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે ડૉ. એમ.ડી. સેનની અધ્યક્ષતા નીચે સમિતિની નિમણૂંક કરી. સમિતિએ નમુનારૂપ સાર્વજનિક ગ્રંથાલય બિલનો મુસદ્દો 1963માં તૈયાર કર્યો. આ બિલના વિશિષ્ટ લક્ષણોમાં રાજ્ય ગ્રંથાલય કાઉન્સિલ, નિયામક રાજ્ય ગ્રંથાલય, અને નાણાંખાતા, તરફથી નાણાંની સગવડની રચના કરી. જરૂરી રાજ્ય ગ્રંથાલય સત્તામંડળની જોગવાઈ કાયદામાંથી ચૂકી જવાઈ. ભારતીય સંઘીય સરકારે આ બીલ તમામ રાજ્ય સરકારોને મોકલ્યું. તેમાંથી ફલિત થયું કે હજુ સુધી કોઈ સરકારે નક્કર અભિપ્રાય આપ્યો નથી.

(3) **પ્લાનીંગ કમિશનનું નમૂનારૂપ બિલ (Model Bill of Planning Commission) :** ભારત સરકારના પ્લાનિગ કમિશને "વર્કિંગ ગ્રુપ ઓફ લાયબ્રેરીઝ"ની સ્થાપના ચોથી પંચવર્ષિય યોજનામાં ગ્રંથાલયોને સલાહ અને વિકાસના પ્લાન માટે 1964માં કરી હતી. વર્કિંગ ગ્રુપે ચોથી પંચવર્ષિય યોજના પિરિયેડમાં ગ્રંથાલય વિકાસની પદ્ધતિ અમલીકરણ માટે ભલામણ કરી હતી, કે જે ઉમેરલનું નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય બિલ કર્યું હતું. વર્કિંગ ગ્રુપે તેનો અહેવાલ 1965માં રજૂ કર્યો.

આ બિલની વિશિષ્ટ ખાસિયતો છે. સ્ટેટ લાયબ્રેરી કાઉન્સિલની જોગવાઈ, સાર્વજનિક ગ્રંથાલયના નિયામક રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય અને જીલ્લા ગ્રંથાલય સમિતિ, વર્કિંગ ગ્રુપે રાજ્ય સરકારની પરવાનગી ઉપર ગ્રંથાલય સેસની જોગવાઈ છોડી. આ બિલ વારંવાર મન ઉપર ઠસાવવા બધા રાજ્યોને જરૂરી કાર્યવાહી માટે આપ્યું. જુદા જુદા કારણોસર આ બીલ એકપણ રાજ્યે સ્વીકાર્યું ન હતું.

(4) **ડૉ. વી. વેંકટપૈયાહનો નમૂના રૂપ કાયદો (Model Act of the Dr. V.Venkatappaiah)**

ઇન્ડિયન લાયબ્રેરી એસોશીએશનની રચના 1933માં થઈ હતી, જેણે ગ્રંથાલય અધિનિયમમાં તીવ્ર રસ દાખવ્યો હતો. આઈએલએ કાઉન્સીલે તેની તા. 2 જૂન 1989 એ રાખવામાં આવેલ મીટીંગમાં પ્રવર્તમાન ગ્રંથાલય કાયદામાંથી તત્કાલીન વિકાસ અને અનુભવમાંથી મેળવેલ તે વસ્તુને ખ્યાલમાં રાખીને નમૂનારૂપ ગ્રંથાલય બીલ તૈયાર કરવા ઠરાવ્યું. આ નમૂનારૂપ કાયદો ફરીથી નેશનલ સેમિનાર ઓન લાયબ્રેરી લેજીસ્લેશનમાં ચર્ચાયો અને 1995માં સંવર્ધિત થયો નમૂનારૂપ રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી સેવા કાયદો બધા જ સ્તરે માહિતી પ્રૌદ્યોગિકીના આવિસ્કારનો ખ્યાલ રાખીને કાયદો ફરીથી નવા યુગમાં સંવર્ધિત થયો. (ઈ.સ. 2000) નમૂનારૂપ સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી સેવા કાયદામાં સૂચવેલ માળખું નીચે આપેલ છે.

## સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી પદ્ધતિનું માળખું

રાજ્ય સરકાર

↓

રાજ્ય ગ્રંથાલય સત્તા

↓

નિયામક ગ્રંથાલય અને માહિતી સેવાઓના નિયામક

↓ ↓ ↓

- રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી કેન્દ્ર
  - (1) વહીવટી પાંખ ↓ (2) કાયદાકીય અનામત પાંખ ↓ (3) અંધજન માટે ગ્રંથાલય ↓ (4) આંતર ગ્રંથાલય લોનનું રાજ્ય કાર્યાલય ↓ (5) તકનીકી સેવાઓનું કાર્યાલય ↓ (6) ગ્રંથાલય શિક્ષણની રાજ્ય સંસ્થા ↓ (7) સંદર્ભ અને સંશોધન પાંખ
  - વિભાગીય સાર્વજનિક ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો
- 1. વહીવટ
  2. ગ્રંથાલય સેવાઓ
  3. પરિમાણ કામગીરી
  4. નાણાં અને હિસાબની તપાસણી
  5. વિસ્તરણ પાંખ
- શહેર ગ્રંથાલય સત્તા ↓ શહેર સાર્વજનિક ગ્રંથાલય અને ↓ શહેર શાખાઓ ↓ ફરતા ગ્રંથાલયો ↓ સહાય ગ્રંથાલયો ↓
- જિલ્લા ગ્રંથાલય સત્તા ↓ જિલ્લા સાર્વજનિક ગ્રંથાલય અને ↓ જિલ્લા શાખાઓ ↓ ફરતા ગ્રંથાલયો ↓ બ્લોક સાર્વજનિક ↓ ગ્રંથાલય ↓ ગ્રામ સાર્વજનિક ગ્રંથાલય ↓ સહાય ગ્રંથાલયો

નમૂનારૂપ કાયદાના વિશિષ્ટ લક્ષણો છે. રાજ્ય ગ્રંથાલય સત્તાની રચના જીલ્લા ગ્રંથાલય સત્તાની રચના ગ્રંથાલય અને માહિતી સેવા નિયામક રચના : સાર્વજનિક ગ્રંથાલય અને માહિતી કેન્દ્રો તરીકે ગ્રંથાલયોના નામકરણમાં ફેરફાર સાર્વજનિક માહિતીની મુક્ત પ્રાપ્તિ : ગ્રંથાલય કરનો ટકાઉ-સતત સ્રોત અને યોગ્ય ગ્રાહ્યતા/જવાબદારી આ કાયદો ઘણા રાજ્યોની વિચારણામા છે.

(5) **નમૂનારૂપ સંઘીય સાર્વજનિક ગ્રંથાલય કાયદો : (Model Union Public Library Act)** ન્યુ દિલ્હીમાં 1948માં રાષ્ટ્રીય મધ્યસ્થ ગ્રંથાલય સ્થાપવાની શક્યતા શોધવા ભારત સરકારે સમિતિમાં રચના કરી. ડૉ. એસ.આર.રંગનાથને સમિતિના સભ્ય તરીકે 1950માં ગ્રંથાલય વિકાસની યોજના રજૂ કરી, 30 વર્ષિય કાર્યક્રમ અને રાજ્યો માટે ગ્રંથાલય બિલ રજૂ કર્યું. અને અલગ સંઘીય ગ્રંથાલય કાયદો તૈયાર કર્યો. આ 1959માં સંવર્ધિત થયો અને ફરીથી 1972માં થયો. આ નમૂનારૂપ કાયદાના વિશિષ્ટ લક્ષણો છે.

(1) રાષ્ટ્રિય ગ્રંથાલય સત્તાની રચના કરવી.

(2) રાષ્ટ્રિય મધ્યસ્થ ગ્રંથાલય પદ્ધતિની સ્થાપના કરવી (દા.ત.) રાષ્ટ્રિય ગ્રંથ સ્વામિત્વ અધિકાર ગ્રંથાલય,રાષ્ટ્રિય ડૉરમેટરિ ગ્રંથાલય, રાષ્ટ્રિય સેવા ગ્રંથાલય વગેરે.

(3) રાષ્ટ્રિય ગ્રંથાલય ભંડોળની રચના

જ્યારે, "ગ્રંથાલયો" ની રચના રાજ્યના એક ભાગ તરીકે બંધારણની યાદીમાં છે, તેથી સંઘીય કાયદો પસાર કરવાનું શક્ય ન હતું, અને ત્યાં સુધી આ બાબત માટે બંધારણ સુધારણા યોગ્ય છે.

### 4.4.3 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના કાયદાઓનો તુલનાત્મક અભ્યાસ (Comparative Study of the Public Libraries Acts in India))

અગાઉ જણાવ્યા અનુસાર આપણે જોયું કે ભારતમાં બાર સાર્વજનિક ગ્રંથાલય કાયદાઓ આજે અમલમાં છે. આપણે આ કાયદાઓના ઘટકો ટીકાકારક પૃથક્કરણ સહિત તપાસીશું.

સામાન્યઃ વધતા ઓછા પ્રમાણમાં બધા જ કાયદાઓ એક જ નમૂનાના છે. સિવાય કે કેરાળા કાયદો, જેમાં લોકશાહીની હિમાયત વધુ અને નોકરશાહીની સાંસ્કૃતિ ઓછી છે. ગમે તેમ પણ પહેલાના કાયદાઓ જેવા કે કોલ્હાપુર સાર્વજનિક ગ્રંથાલયોનો કાયદો, 1945 અને મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલયોનો કાયદો 1948માં બ્રિટીશ સાર્વજનિક ગ્રંથાલયોનો કાયદો 1850ની અસર છે કે જે સમયાંતરે સંવર્ધિત થયો છે.

**રાજ્ય સ્તરે પ્રશાસન (State Level Governance) :** ડૉ. એસ. આર. રંગનાથન તેમના નમૂનારૂપ કાયદામાં, આગ્રહ રાખે છે કે પદ્ધતિમાં રાજ્ય ગ્રંથાલય સત્તા સર્વોચ્ચ સંસ્થા તરીકે હોવી જોઈએ જે વિભાગ (2) માં જણાવ્યું છે. "ગ્રંથાલય પદ્ધતિને ગ્રંથાલય જગત રાજ્યમાં પ્રોત્સાહિત અને વ્યવસ્થિત કરવા, રાજ્યનું શિક્ષણ પ્રધાન રાજ્ય ગ્રંથાલય સત્તા રહેશે." આ સત્તાની આ ફરજ રહેશે કે રાજ્યમાં પૂરતા પ્રમાણમાં ગ્રંથાલયસેવા પૂરી પાડે અને "સંસ્થાઓના પ્રગતિશીલ વિકાસનો એકનિષ્ઠ હેતુ પૂરો કરવા, અને સ્થાનિક ગ્રંથાલય સત્તાઓ નિશ્ચિત અસરકારક અમલ કરવા જે રાષ્ટ્રિય નીતિ માટે લોકોને પૂરતા પ્રમાણમાં ગ્રંથાલયસેવા પૂરી પાડવી જોઈએ. "હૈદ્રાબાદ સાર્વજનિક ગ્રંથાલય કાયદો 1955 સિવાય, બીજે ક્યાંય નથી. સત્તામંડળે રાજ્ય ગ્રંથાલય સત્તાનું મહત્ત્વ સ્વીકાર્યું છે. કેરાલા કાયદા પ્રમાણે ચૂંટી કાઢેલી કેરાલા રાજ્ય ગ્રંથાલય કાઉન્સિલ સર્વોચ્ચ સંસ્થા છે, કે જે રાજ્ય સ્તરે રાજ્ય સ્તરના પ્રશાસનની ચિંતા કરે છે.

વેસ્ટ બેંગાલ સાર્વજનિક ગ્રંથાલય કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે કે મંત્રશ્રી ગ્રંથાલય અસરકારક કામગીરી માટે ગ્રંથાલય સત્તાના અધ્યક્ષ તરીકે ગણાશે. વ્યવસાયિક સાર્વજનિક ગ્રંથાલય નિયામક સરકારના હૂકમોનું સમાનરૂપે જરૂરી અમલીકરણ કરશે અને અધિનિયમથી સારુ પરિણામ સુનિશ્ચિત કરશે.

**જીલ્લા સ્તરે પ્રશાસન (Governance at District Level) :** બધા જ કાયદાઓમાં, જીલ્લા વહિવટીય એકમોના કાર્યો ખાસ કરીને નામાંકન જીલ્લા / સ્થાનિક ગ્રંથાલય સત્તાના સમાન છે. આંધ્રપ્રદેશે જીલ્લા એકમનું નામ બદલીને દેશી ભાષાની રચના જીલ્લા ગ્રંથાલય સંસ્થા રાખ્યું છે. સિદ્ધાંતમાં જીલ્લા એકમ એ કોર્પોરેટ સંસ્થા છે. કાયમી સફળતા અને સમાન સિક્કો સત્તા સાથે છે. જોગવાઈ મુજબ સંપત્તિ લેવી, જાળવવી અને નિકાલ કરવો અને કરાર કરવો, અને તે જ નામે દાવો કરવો અથવા માંડવાળ કરવી.

કેરાલા રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોના સંચાલન અને વહિવટ માટે વધારામાં દરેક જીલ્લામાં જીલ્લા ગ્રંથાલય કાઉન્સિલ ત્યાં દરેક તાલુકામાં તાલુકા ગ્રંથાલય સંઘો છે.

મદ્રાસ, હૈદ્રાબાદ, આંધ્રપ્રદેશ (1987ના સુધારા પહેલા) અને મણિપુર ગ્રંથાલય કાયદા મુજબ, જીલ્લા

એકમના અધ્યક્ષ જીલ્લા ગ્રંથાલય સત્તાના સભ્યો દ્વારા ચૂંટાય છે. (1987) ના સુધારા મુજબ અધ્યક્ષ શહેર/ જીલ્લા ગ્રંથાલય સમસ્યા સરકાર દ્વારા નિમણુંક થાય છે. 1986માં આંધ્રપ્રદેશ સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1960, સુધારાના સમર્થના કારણે સાર્વજનિક ગ્રંથાલયના પ્રધાને નિમણુંકની પ્રથાના કારણે અને હેતુઓના કથનને સમર્થન આપ્યું. આ સાથે એમ પણ કહેવાયું કે જીલ્લા ગ્રંથાલય સંસ્થાના સભ્ય પદ માટેની ચૂંટણીની પ્રવર્તમાન પ્રથા કારણભૂત નથી. અથવા જાહેર ગ્રંથાલય સેવાઓને આગળ ધપાવવા, રાજયમાં પ્રસ્થાપિત મંડળના માળખાનો સંદર્ભમાં, નિમણૂંક કરાયેલા અને હોદ્દાનીરૂએ બનેલા સભ્યો ધરાવતી સુગઠીત સંસ્થા તરીકે જીલ્લા ગ્રંથાલય સંસ્થાને ઇષ્ટ ગણવામાં આવે છે. આથી નક્કી કરવામાં આવ્યું કે સદરહુ કાયદાને યોગ્ય રીતે સુધારવો. આ પ્રમાણે આંધ્રપ્રદેશ સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1960, 1986માં સુધારવામાં આવ્યો.સિદ્ધાંતમાં લોકશાહી દેશમાં ફક્ત ચૂંટણી દરેક તબક્કે જરૂરી છે. તેવી જ કેરાલા કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે રાજય અધિક્ષકો, જીલ્લા અને તાલુકા (મંડળ) સ્તરે ચૂંટી કાઢવા આ અજોડ જોગવાઈ છે. બધા જ રાજયોમાં જીલ્લા ગ્રંથાલય અધિકારી અથવા જીલ્લા ગ્રંથપાલ જીલ્લા માટે કાર્યપાલક અધિકારી તરીકે ફરજ બજાવે છે.

**સાર્વજનિક ગ્રંથાલય માળખું (Public Library Structure) :**

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનું માળખું વધતે કે ઓછે અંશે નીચે દર્શાવ્યા મુજબ છે.

**રાજ્ય ગ્રંથાલય**

↓

| ↓ | ↓ | ↓ |
|---|---|---|
| પ્રાંતીય ગ્રંથાલય | પ્રાંતીય ગ્રંથાલય | પ્રાંતીય ગ્રંથાલય |
| ↓ | ↓ | ↓ |
| જીલ્લા ગ્રંથાલય | જીલ્લા ગ્રંથાલય | જીલ્લા ગ્રંથાલય |
| ↓ | ↓ | ↓ |
| શાખા ગ્રંથાલય | શાખા ગ્રંથાલય | શાખા ગ્રંથાલય |

સાર્વજનિક ગ્રંથાયલ સેવાઓ માટે નાણાંકીય સ્રોતો (Financial Sources for Public Library Services) :

સામાન્ય રીતે, સાર્વજનિક ગ્રંથાલય તેની સતત સેવાઓ માટે નાણાં કમાઈ ન શકે તેથી, તેને તંદુરસ્ત રાખવા આવકનો શાશ્વત સ્રોત હોવો જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયોના નાણાંકીય વૃદ્ધિના નીચેના સ્રોતોની ભલામણ છે.

(1) સ્થાનિક સત્તામંડળ દ્વારા એકઠો કરેલો ગ્રંથાલયકર.

(2) મધ્યસ્થ અને રાજય સરકારનું અનુદાન

(3) સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ ઉપરની ફી.

આજ સુધીમાં સ્થપાયેલ બાર કાયદાઓમાંથી, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરાલા અને ગોવા રાજ્યોમાં જ ફક્ત ગ્રંથાલયકર એકઠો કરવામાં આવે છે. આ રાજ્યોમાં સ્થાપનાનો ખર્ચ રાજય સરકાર દ્વારા ઉપાડવામાં આવે છે. અને ખર્ચની બીજી બાબતો જીલ્લા સ્તરે એકઠા કરવામાં આવતા ગ્રંથાલયકરમાંથી મળે છે. આ રાજ્યોમાં ગ્રંથાલયની વૃદ્ધિ એકઠો કરવામાં આવેલા ગ્રંથાલય કર સાથે જોડાયેલી હતી. તેથી, સમૃદ્ધ જીલ્લાઓ અને શહેરો ઘણી મોટી રકમ ગ્રંથાલયકરની પ્રાપ્ત કરે છે અને તેમની ગ્રંથાલય પદ્ધતિને ઘણી અસરકારક બને છે. ગરીબ જીલ્લાઓ ગ્રંથાલયકરની નાની રકમ મેળવશે અને તેથી તેમની ગ્રંથાલય પદ્ધતિ કાયમી નબળી રહેશે. આ અસમાનતા સરકારે મદદ કરીને દૂર કરવી જોઈએ. પણ આચરણમાં આ પ્રશ્નની બરાબર કાળજી લેવાતી નથી.

કેરાલા સાર્વજનિક ગ્રંથાલય કાયદાની એક ખાસ વિશિષ્ટતા એ છે કે રાજય ગ્રંથાલય કાઉન્સિલે ભંડોળ એકઠું કર્યું છે. જેમાંથી રાજય ગ્રંથાલય કાઉન્સિલ બધો જ ખર્ચ કરતું હતું. જીલ્લા અને તાલુકા કક્ષાએ

અલગ ગ્રંથાલય ફંડ નથી. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું અનુદાન રાજ્ય ગ્રંથાલય ફંડમાં ઉમેરવામાં આવે છે. રાજ્ય ગ્રંથાલય કાઉન્સિલને કે રાજ્ય ગ્રંથાલય ભંડોળમાંથી જરૂરિયાત પ્રમાણે કેટલીક રકમ દરેક જીલ્લા ગ્રંથાલય કાઉન્સિલને અને તાલુકા લાયબ્રેરી સંઘને વહેંચવાની સત્તા છે.

12 રાજ્યોના સાર્વજનિક ગ્રંથાલય કાયદામાં નાણાંકીય સ્ત્રોતોનું આયોજન જુદું જુદું છે જે નીચે આપેલું છે.

(1) તામિલનાડુ સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1948, મિલકતના વેરા ઉપર (10 ટકા) ગ્રંથાલય કર.

(2) આંધ્રપ્રદેશ સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1960, મિલકતના કરવેરા ઉપર (8 ટકા) ગ્રંથાલય કર.

(3) કર્ણાટક સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1965, જમીનો, મકાનો, વાહનો અને વ્યવસાય ઉપર (6 ટકા) ગ્રંથાલયકર

(4) મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલય કાયદો 1967 ગ્રંથાલય કર નથી, રાજ્ય સરકારનું અનુદાન છે.

(5) વેસ્ટ બેંગાલ સાર્વજનિક ગ્રંથાલય કાયદો 1979-ગ્રંથાલય કર નથી. રાજ્ય સરકારનું અનુદાન છે.

(6) મણિપુર સાર્વજનિક ગ્રંથાલય કાયદો-1988 ગ્રંથાલય કર નથી, રાજ્ય સરકારનું અનુદાન છે.

(7) કેરાલા સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1989, ગ્રંથાલય કર મિલકત વેરા ઉપર 5 ટકા અને શિક્ષણ ફંડના ખર્ચના એક ટકાથી ઓછું નહિં તેટલું.

(8) હરીયાણા સાર્વજનિક ગ્રંથાલય કાયદો 1989 સ્થાનિક સંસ્થાઓ કરવેરો વસૂલે.

(9) ગોવા સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1993 વેરો આઈએમએફએલ ઉપર પ્રતિ લિટર 0.5 પૈસા સરચાર્જ અને 0.50. પૈસા બલ્ક બીયર ઉપર લીટરે 0.5 પૈસા અને રાજ્ય શિક્ષણ બજેટના 1%

(10) મિઝોરમ સાર્વજનિક ગ્રંથાલય કાયદો 1993 - કોઈ કર નથી. રાજ્ય સરકાર અનુદાન આપે છે.

(11) ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 2001 - કોઈ કર નથી. રાજ્ય સરકાર અનુદાન આપે છે.

(12) ઓરિસ્સા સાર્વજનિક ગ્રંથાલય કાયદો 2001 કોઈ કર નથી. રાજ્ય સરકાર અનુદાન આપે છે.

- **તમારી પ્રગતિ ચકાસો.** (Self Check Exercise)

**(5) નમૂનારૂપ ગ્રંથાલય કાયદા / બિલ્સની વિશિષ્ટ લાક્ષણિકતા જણાવો**

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 4.5 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસમાં રંગનાથનનું પ્રદાન (RANGANATHAN'S CONTRIBUTION TO DEVELOPMENT OF PUBLIC LIBRARY IN INDIA)

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય ક્ષેત્રે વિકાસમાં, રંગનાથનની ખાસ ધ્યાન ખેંચે તેવી સિદ્ધિ તેમના નિસ્વાર્થ ઉત્સાહની ભારતમાં ગ્રંથાલય અધિનિયમ માટે છે. વારાણસી ખાતે ડીસેમ્બર 26-30, 1930માં યોજાયેલ પ્રથમ ઓલ એશિયા એજ્યુકેશન કોન્ફરન્સમાં રંગનાથનને ગ્રંથાલય સેવાઓના વિભાગના મંત્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. રંગનાથને ભારત માટે નમૂનારૂપ ગ્રંથાલય બિલ રજૂ કર્યું હતું, કે જે આ સેમિનારમાં સ્વીકારવામાં આવ્યું હતું. આ દરખાસ્ત કરેલ આદર્શ બીલ એવું બીજ છે જેમાંથી ભારતમાં ગ્રંથાલય ધારાઓ વિકાસ પામ્યા. રંગનાથને તૈયાર કરેલા નીચેના ગ્રંથાલય બિલો ભારતીય સંઘીય અને ઘટક રાજ્યો માટેના હતા. ભારતના ઘટક રાજ્યો માટે નમૂનારૂપ ગ્રંથાલય કાયદો (1930) બેંગાલ (1931) મુંબઈ (1946) સેન્ટ્રલ પ્રોવિન્સ એન્ડ બિરર (1946) જૂનું મદ્રાસ રાજ્ય (1946) કે જે પાછળથી 1948માં કાયદો થયો. યુનાઈટેડ પ્રોવિન્સ (1947) કોચીન (1947) ત્રાવણકોર (1947), સંયુક્ત સરકાર (1948), મધ્ય પ્રદેશ (1950), સંયુક્ત અને ઘટક રાજ્યો (1950) ઘટક રાજ્યો (1957), સંયુક્ત (1957), વેસ્ટ બેંગાલ (1958), કેરાલા (1959), યુ.પી. (1960), મૈસૂર (1961) કાયદો 1965માં બન્યો, આસામ (1964), ગુજરાત (1964), નમૂનારૂપ ગ્રંથાલય બિલ (1972).

તેમના જીવન પર્યન્ત, ભારતના ચાર રાજ્યોએ ગ્રંથાલય કાયદો પસાર કર્યો. તે પૈકી ત્રણ રાજ્યોના તામીલનાડુ, આંધ્રપ્રદેશ અને મૈસૂરે (કર્ણાટક)ના ગ્રંથાલય ધારાની દરખાસ્ત તેમણે જાતે તૈયાર કરી હતી. આ પોતપોતાના ગ્રંથાલય કાયદાઓ 1948, 1960 અને 1965માં થયા.

તેમના જીવનના અંતિમ વર્ષમાં સાર્વજનિક ગ્રંથાલયો ઉપર ઓલ ઇન્ડિયા સેમિનાર બેંગ્લોરમાં યોજાયો. આ પ્રસંગે તેમણે આગ્રહ ભરી રજૂઆત કરી : (એ) યુનિયન સાર્વજનિક ગ્રંથાલય કાયદો, (બી) બધા જ રાજ્યોમાં રાજ્ય ગ્રંથાલય કાયદો, (સી) રાષ્ટ્રિય મધ્યસ્થ ગ્રંથાલયની પદ્ધતિ નિર્માણ કરવી અને (ડી) સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની આખા પ્રદેશમાં પાથરેલી જાળનું નિર્માણ કરવું.

રંગનાથને સમગ્ર દેશ માટે તથા ભારતના જુદા જુદા રાજ્યો માટે ગ્રંથાલય વિકાસ યોજના તૈયાર કરી હતી. દેશની આઝાદી પહેલાં રંગનાથને બે યોજનાનું નિર્માણ કર્યું હતું. (અ) The Postar Reconstruction of libraries India ; a scheme (1946).( Lohor, Punjab, Library, Association) (b) National Library System ,a plan for India (Lohore, Indian, Librarian).

ભારતના જુદા જુદા રાજ્યો માટે રંગનાથને વિકાસ યોજના ગ્રંથાલય બિલ્સ સાથે તૈયાર કરી. ભારત સરકાર દ્વારા ડૉ. કે. પી. સિંહાની અધ્યક્ષતામાં 1957માં નિમાયેલી સમિતિમાં ગ્રંથાલયો માટેની સલાહકીય સમિતિના અહેવાલમાં રંગનાથનનો પ્રભાવ ધ્યાન ઉપર લેવાયો. સમિતિનો અહેવાલ 1959માં બહાર પડ્યો. તેણે 25 વર્ષની ગ્રંથાલય વિકાસ યોજના અને ગ્રંથાલય કાયદાઓની હિમાયત કરી છે.

ભારત સ્વતંત્ર થયા પછી સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ ઉપર રંગનાથનના નિઃસ્વાર્થ ઉત્સાહ અને થાક વિનાના પ્રયત્નોએ અસર ઊભી કરી છે. ભારત સરકારે 1972માં પ્રતિક્રિયા આપી. સાર્વજનિક ગ્રંથાલય ચળવળને પ્રોત્સાહન અને વિકાસ માટે તેણે ભારતમાં રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશનની રચના કરી. ફાઉન્ડેશન તેની નાણાંકીય સહાય કેન્દ્ર સરકાર પાસેથી અને મેચીંગ અનુદાન રાજ્ય સરકાર પાસેથી મેળવે છે. તે સાર્વજનિક ગ્રંથાલયોને વાચન સાહિત્ય ખરીદવા અને ફર્નિચર માટે અને ગ્રંથાલય મકાનોના બાંધકામ અને મરામત, બાળકોના ગ્રંથાલયની વ્યવસ્થા વગેરે માટે નાણાંકીય સહાય પૂરી પાડે છે. ફાઉન્ડેશનની આ ક્ષેત્રમાં નહીં, દક્ષિણ ભારતના ત્રણ ગ્રંથાલય કાયદાઓના ફરી ઉત્તેજનથી, ભારતના 12 રાજ્યોએ ગ્રંથાલય કાયદો પસાર કર્યો છે, છતાં આ બધા જ કાયદાઓ ચાલુ નથી.

છેલ્લે, રંગનાથને તમામ પ્રયત્નો સાર્વજનિક ગ્રંથાલયો, ગ્રંથાલય મંડળો દ્વારા પ્રચલિત થાય તેમ કર્યા છે. સાર્વજનિક ગ્રંથાલય સેવાઓને પ્રચલિત કરવા તે ગ્રંથાલય મંડળની સાચી જરૂરિયાત માને છે. તેમણે 1928માં મદ્રાસ લાયબ્રેરી એસોશીએશનની (MALA) સ્થાપના કરી અને 1928 - 1948 સુધી તેઓ મંડળના મંત્રી હતા. તેઓ ઇન્ડિયન લાયબ્રેરી એસોસિએશનની સ્થાપનાથી તેની સાથે

જોડાયેલા છે. 1933. તેમણે આઈએલએનું પ્રથમ બંધારણ રજૂ કર્યું હતું. તેઓ 1944 - 1956 સુધી ILAના પ્રમુખ તરીકે MALAની મદદથી થયા હતા. તેમણે તેમની બુલોક કાર્ટ ગ્રંથાલયનું નિદર્શન મનાર ગુડી (તામિલનાડુ)માં 1931માં કર્યું હતું. નાગપુરમાં 1949માં યોજાયેલી ઓલ ઇન્ડિયા લાયબ્રેરી કોન્ફરન્સમાં તેમનું પ્રમુખ તરીકેનું સંબોધન રાખવામાં આવ્યું હતું. જેમાં ભારતમાં ગ્રંથાલય સેવાઓ અને અધિનિયમ આધારિત ગ્રંથાલય સેવાઓ ઉપર ધ્યાન ખેંચતી શક્તિશાળી હિમાયત કરી હતી. ઘણા બધા રાજ્ય ગ્રંથાલય મંડળો અને બીજા મંડળો દ્વારા સંચાલિત ઘણી ગ્રંથાલય કોન્ફરન્સ, સેમિનાર, વર્કશોપ, વગેરેમાં પ્રેસિડન્ટ અથવા ઉદ્‌ઘાટક અથવા નિયામક રહ્યાં હતા.

## 4.6 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત અને લક્ષ્ય તપાસ્યું. સાર્વજનિક ગ્રંથાલય નીતિની રાષ્ટ્રિય અને રાજ્ય સ્તરે જરૂરિયાતનું વર્ણન વિકસીત દેશોની નીતિના વિશિષ્ટ સંદર્ભમાં કરવામાં આવ્યું છે. નમૂનારૂપ ગ્રંથાલય કાયદા/બિલ્સ વિગતવાર દર્શાવેલ છે. ગ્રંથાલય અધિનિયમની અસર ટૂંકમાં જણાવવામાં આવી છે. 12 ગ્રંથાલય અધિનિયમનો તુલનાત્મક અભ્યાસ અને તેની સત્તા રાજ્ય અને જીલ્લા સ્તરે, ગ્રંથાલય માળખું, નાણાં વગેરે સમજાવવામાં આવ્યું છે. સમગ્ર રીતે જોતા, સાર્વજનિક ગ્રંથાલયનો હેતુ શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતીમાં મદદનો છે. સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ ચોક્કસપણે પ્રદેશના બધા જ વિભાગો બિનલાભાન્વિત સહિતને વિના મૂલ્યે મળવી જોઈએ.

## 4.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWER TO SELF CHECK EXERCIES)

(1) ગ્રામથી રાજ્ય સ્તરે તંદુરસ્ત સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના વિકાસ માટે ગ્રંથાલય અધિનિયમની જરૂર છે. તેથી કરીને કાયમી નાણાં સ્રોત અધિનિયમ દ્વારા પુરાં પાડવા વ્યવસ્થા કરવામાં આવે છે.

(2) ગ્રંથાલય નીતિએ તૈયાર માર્ગદર્શક છે જે ગ્રંથાલયોના વિકાસ માટે સુવ્યવસ્થાની સગવડ માટે બેમાંથી કોઈપણ એક રાજ્ય સ્તરે અથવા રાષ્ટ્રિય સ્તરે અસરકારક અને સુદૃઢ ગ્રંથાલય સેવાઓ માટે છે.

(3) યુનેસ્કો, પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટો 1994ના પાયાના ઘટકો નીચે મુજબ છે

- (એ) સાર્વજનિક ગ્રંથાલય એ જ્ઞાનનું પ્રવેશ દ્વાર છે.
- (બી) તે સ્થાનિક માહિતી કેન્દ્ર તરીકે સેવા આપે છે.
- (સી) તેનું કામ કે કાર્યક્ષેત્ર માહિતી, અક્ષરજ્ઞાન, શિક્ષણ અને સંસ્કૃતિ સંબંધિત છે.
- (ડી) સાર્વજનિક ગ્રંથાલયોનું યોગ્ય નાણાકીય ભંડોળ, અધિનિયમ, નેટવર્ક, પ્રક્રિયા અને સંચાલન ઘણું જરૂરી છે.

(4) નેપલીસની સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ ઉપરની મહત્ત્વની ભલામણો આ પ્રમાણે છે.

- (એ) દેશમાં સાર્વજનિક ગ્રંથાલયો સ્થાપવા, મરામત અને વધારે મજબૂત બનાવવા.
- (બી) ગ્રામીણ/ ગ્રામ/ પ્રાદેશિક ગ્રંથાલયોની સ્થાપના કરવી.
- (સી) સર્વોચ્ચ જીલ્લા ગ્રંથાલય પદ્ધતિએ જીલ્લા ગ્રંથાલય અને સર્વોચ્ચ રાજ્ય ગ્રંથાલય પદ્ધતિઓ રાજ્ય ગ્રંથાલયની સ્થાપના કરવી.
- (ડી) વિશિષ્ટ જૂથો માટે ગ્રંથાલયોની સ્થાપના કરવી.
- (ઈ) ગ્રંથાલય અધિનિયમ પસાર કરવો, અને RRRLF રાષ્ટ્રિય સંસ્થા તરીકે દેશમાં સાર્વજનિક ગ્રંથાલયોને વિકાસ માટે પ્રોત્સાહન આપે છે.

(5) નમૂનારૂપ ગ્રંથાલય કાયદાના વિશિષ્ટ લક્ષણો સાથે :

- (એ) રાજ્ય ગ્રંથાલય સત્તા
- (બી) જીલ્લા ગ્રંથાલય સત્તા
- (સી) સ્થાનિક ગ્રંથાલય સત્તા
- (ડી) સાર્વજનિક ગ્રંથાલયોનું નેટવર્ક
- (ઈ) નાણાંની જોગવાઈ
- (એફ) કર્મચારી

(જી) ગ્રાહ્યતા/જવાબદારીઓની સ્વીકૃતિ

(એચ) પુસ્તકોની નોંધણી અને

(આઈ) નિયમો બનાવવાની સત્તા

## 4.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**સત્તા (Authority)** : વ્યક્તિ અથવા સંસ્થાને કાર્યપાલક સત્તાઓ આપવી.

**કર (Cess)** : વેરા ઉપર વધારાની કરની રકમ

**રાજ્ય કારભાર ચલાવવો (Governance)** : સરકારની અથવા સંચાલનની નિયંત્રિત અથવા નિયમિત રીત અથવા પદ્ધતિ

**ઘોષણા પત્ર (Manifesto)** : સત્તા / સરકારની આપેલી નીતિની સાર્વજનિક જાહેરાત અથવા ઢંઢેરો

## 4.9 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)

A Neelameghan, ed. (1972). Public Library System. Bangalore: Sarada Ranganathan Endowment for Library Science.

Bhattacharjee, R. (2002). Public Library Services in India: Systems, Modernisation, Networking and Deficiacies. National Round Table on the Modernisation and Networking of Libraries in India. New Delhi: DELNET

Ekbote, Gopala Rao (1987). Public Library System. Hyderabad: Ekbote Brothers. Gardner F.M. (1971). Public Library Legislation : A Comparative Study. Paris: UNESCO.

INDIA. Advisory Committee for Libraries, 1958, 2nd Edition.(1961). Delhi : Manager of Publications.

India.(1986). National Policy on Library and Information System- a presentation. New Delhi : Committee on National Policy on Library and Information System. Department of Culture, Ministry of Human Resource presentation.

Indian Library Association (1994). Model Library Legislation. New Delhi : Concept Publishing Co.

Mittal R.L.(1971). Public Library Law. An International Survey. Delhi : Metropolitan Book Company.

Roychoudhry, Prabir. Rangnathan Memorial Lecture, IASLIC Newletter, July-August 2002.

The Library Association (1993). A Charter for Public Libraries, London : Library Association.

Venkatappaiah, V. (1990). Indian Library Legislation. Vol.I : Union Library Bills and Acts Vol.II State Library Bills and Acts. Delhi : Daya Publishing House.

# BLOCK–2

## સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ : સંસાધન વિકાસ

## PUBLIC LIBRARY SYSTEM : RESOURCE DEVELOPMENT

## વિભાગ-2

# સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ : સંસાધન વિકાસ

## (Public Library Sysyem : Resource Development)

### પ્રસ્તાવના :

અસરકારક અને કાર્યદક્ષ સાર્વજનિક ગ્રંથાલય પ્રદ્ધતિનો ઘણો આધાર છે પૂર્ણાત્મક આયોજન દ્વારા સંસાધન વિકાસ ઉપર. સંસાધન ધ્યેય પ્રાપ્તિ સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રિય સ્તરે જ ફક્ત મજબૂત નહીં બનાવે પણ સાથે ગુણવત્તાયુક્ત સાર્વજનિક ગ્રંથાલય સેવા પૂરી પાડવા સક્ષમ બનવુ પડશે. તેથી-કરીને, સંશાધન વિકાસ, જેવોકે ભૌતિક અને પ્રલેખિય,નાણાંકીય અને માનવ સંસાધન જે સ્થપાશે, આ વિભાગના સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના ઘટકોની મહત્ત્વની રચના થશે. આ વિભાગ ચાર એકમનું બનેલું છે.

**એકમ 5** તકનિકીઓ, પગલા અને પદ્ધતિઓ જટિલ યોજનાની તૈયારીમાં સંસાધન સ્રોતની ધ્યેય પ્રાપ્તિની ઓળખ, વગેરેની ચર્ચા કરે છે.

**એકમ 6** સાર્વજનિક ગ્રંથાલયના નાણાંકીય સ્રોતો જેવા કે મધ્યસ્થ અને રાજ્ય સરકાર દ્વારા કાયદાકીય અને બિન-કાયદાકીય પદ્ધતિ, સ્વૈચ્છિક સંસ્થાઓ, વગેરેની સમજ.

**એકમ 7** ભૌતિક મકાન, ફર્નિચર અને સાધનો, પ્રકાશ, આંતરિક સુશોભન અને બીજી રમણીયતા) સંશાધનો અને દસ્તાવેજી મુદ્રિત અને અમુદ્રિત સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના આવશ્યક ઘટકો તરીકે વિગતવાર સમજ.

**એકમ 8** માનવ સંસાધનનું મહત્ત્વ અને વ્યવસાયિક કૌશલ્યો અને યોગ્યતાના વિકાસમાં તેના સંચાલનથી ગુણવત્તા યુક્ત ગ્રંથાલય સેવાઓનું વર્ણન.